Aparajitha

ટિમ ટિમ તારા

# સફળતાના બીજ


એપ્રિલ

૨૦૧૮

અંક:

# ૨૯


| વિષય | પાના નં |
| --- | --- |
| નમસ્તે! | ૨ |
| પદચિન્હો | 3 |
| પ્રતિધ્વનિ | ૮ |




અપરાજિથા ફાઉન્ડેશન
૫ એ, વી.પી. રાથિનસામી રોડ
બીબી કુલમ
મદુરાઈ - ૬૨૫૦૦૨
www.aparajitha.org
૦૪૫૨-૪૩૭૫૨૫૨
info@aparajitha.org

માત્ર ખાનગી પ્રચાર - પ્રસાર માટે











| States Covered | Districts Spread | Languages | Schools Covered | Students Impacted |
| --- | --- | --- | --- | --- |
| *6* | *86* | *3* | *22590* | *16,94,250* |

*જાગૃતિ દ્વારા પરિવર્તનમાં ફેરફાર*

# નમસ્તે!

“થલિર થીરન થિદ્દમ” અત્યાર સુધી ૬ રાજ્યમાં, ૩ ભાષામાં, ૨૨૫૯૦ શાળાઓ અને ૧૬,૯૪,૨૫૦ વિદ્યાર્થીઓ સુધી પહોંચ્યા છે. આધુનિક તકનીકના ઉપયોગ દ્વારા આ શિખર સુધી કેવી રીતે પહોંચ્યા તેનો આ અંકના પ્રથમ લેખમાં ઉલ્લેખ કર્યો છે.TTT એ ૧૦ કુશળતાઓને ૧૦૦ વિષયો દ્વારા ૩ભાષામાં આવરી લીધેલ છે.

આ અંકના અન્ય લેખો આપને માહિતગાર કરશે કે, TTT એક લાંબા-ગાળાનો વિકાસ કાર્યક્રમનો ભાગ કેવી રીતે બન્યો; આ ઉપરાંત પશ્ચિમી ઘાટોના અંતરિયાલ ગામોમાં કેવી રીતે પહોંચ્યા અને દક્ષિણ તામિલનાડુની કોલેજોમાં આ કાર્યક્રમનું અમલીકરણ કેવી રીતે કર્યું.

વધુ વાંચો... તમારા વિચારો અને અભિપ્રાયોની અમારી સાથે ચર્ચા કરો... બીજા લોકોને આ પત્રિકા વંચાવો અને તેના વિશે ચર્ચા કરો... ભાવિ પેઢીની કેળવણી અને સશક્તિકરણ માટે અમારા આ મિશનમાં અમારી સાથે જોડાવો.

**હું તમારા નિરંતર સમર્થન અને સૂચનોની આશા રાખું છું.**

*સંપાદકીય સમિતિ.*



“થલિર થીરન થિદ્દમ” (TTT) ૭ થી ૧૨ ધોરણ ના વિદ્યાર્થીઓને જીવન કૌશલ્ય માટેનું શિક્ષણ આપે છે. જે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા સૂચિબદ્ધ કરાયેલ ૧૦ જીવન કુશળતા પર આધારિત છે. આ કાર્યક્રમના સત્રો વિદ્યાર્થીઓને જોડીને રાખે અને સારા અનુભવો સાથે શિક્ષણ મળે તે વિચારીને તૈયાર કરવામાં આવ્યા છે. નિમ્નપ્રાથમિક શાળામાં શિક્ષકોની પુસ્તિકા દ્વારા અને ઉચ્ચપ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળામાં ડીવીડી દ્વારા પાઠ આપવામાં આવે છે.

આ કાર્યક્રમનો હેતુ ભારતનો જવાબદાર નાગરિક બનાવવાનો છે અને તેની પ્રારંભિક પહેલ ૨૦૦૮-૨૦૦૯ માં ૫ (પાંચ) ઉચ્ચતરમાધ્યમિક શાળાઓમાં કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં તામિલનાડુ સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તામિલનાડુની તમામ ઉચ્ચતરપ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આ કાર્યક્રમનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. પછીથી તેને પ્રાથમિક, સરકારી અને ખાનગી શાળાઓમાં અમલમાં મુકવામાં આવ્યું હતું. જેમને TTT કાર્યક્રમમાં રસ હતો. હવે આ કાર્યક્રમનું અમલીકરણ ૬ રાજ્યોમાં થાય છે - તામિલનાડુ, ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને હરિયાણા.



*(આ અંકના લેખોનું તામિલમાંથી અંગ્રેજીમાં ભાષાંતર શ્રી માલી નંદકુમારે કરેલ છે)*

પદચિહ્નો


(કાર્યક્રમ: જાન્યુઆરી - માર્ચ ૨૦૧૮)

# TTT એ ફક્ત બે દિવસમાં ૯.૨૫ લાખ વિદ્યાર્થીઓના જીવન પર પ્રભાવ પાડયો છે

TTTએ હરિયાણા અને રાજસ્થાન રાજ્યમાં વિશાળ વિકાસ કર્યો છે. જીવન કૌશલ્ય શિક્ષણ “થલિર થીરન થિટ્ટમ” ની હિન્દી આવૃત્તિ “ટિમ ટિમ તારે” દ્વારા ફક્ત ૨ દિવસમાં ૯,૨૫,000 વિદ્યાર્થીઓને ૧૯,000 સ્કૂલો માં શૈક્ષણિક સેટેલાઇટ 'એડયુસેટ' દ્વારા શિક્ષિત કર્યા છે. ભારતમાં પ્રથમવાર સેટેલાઈટ તકનીકના ઉપયોગથી જીવન કૌશલ્યનું શિક્ષણ આપવામાં આવ્યું છે.

**ભારતમાં પ્રથમવાર સેટેલાઈટ તકનીક ના ઉપયોગથી જીવન કૌશલ્યનું શિક્ષણ આપવામાં આવ્યું છે.**

“થલિર થીરન થિટ્ટમ”ની જીવન કૌશલ્ય શિક્ષણ કાર્યક્રમની **પ્રારંભિક શરૂઆત** તામિલમાં ૧૦




વર્ષ પહેલા થઇ હતી; જેમાં મદુરાઈની ૫ શાળાના ૪૬૫ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો. ત્યારબાદ ડિસેમ્બર-૨૦૧૭ સુધીમાં આ કાર્યક્રમને ભારતના ૬ રાજ્યોમાં - તામિલનાડુ, ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં ડીવીડી દ્વારા

૪૧૯૦ શાળાના વિદ્યાર્થીઓને તામિલ, ગુજરાતી અને હિન્દી ભાષામાં પહોંચાડવામાં આવ્યો હતો. જાન્યુઆરી-૨૦૧૮માં, શ્રી રાજીવ રૈટેન - આઇ. એ. એસ., ડિરેક્ટર, માધ્યમિક શિક્ષણ, હરિયાણા સરકારે,, આદેશો જારી કર્યા **કે, 'એડયુસેટ' ના માધ્યમથી આ પાઠના વિડિયો પ્રસારિત કરવા.** તારીખ ૨૦-૦૧-૨૦૧૮ના રોજ મદદનીશ ડિરેક્ટર શ્રી નંદકિશોર ,પ્રોગ્રામ ઓફિસર શ્રી પ્રમોદ કુમાર , શ્રી પ્રિયંકા , શ્રી સંજય કુમાર , ઈજનેર શ્રી મેધા ગર્ગ, જનરલ મેનેજર શ્રી નીરજ વર્મા દ્વારા આ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું. પરિણામે રાજ્યભરમાં ૧૦,૦૦૦ શાળાઓમાં અભ્યાસ કરતા ૨,૫૦,૦૦૦ વિદ્યાર્થીઓએ "ઉદાર બનીને જીત મેળવો" પર પાઠ શીખ્યા. વિદ્યાર્થીઓએ ભૂમિકાઓ ભજવી, પોતાના અનુભવોની ચર્ચા કરી અને આ રીતે ચાલી રહેલ પાઠમાં જોડાયા. આ પ્રારંભિક કાર્યક્રમની સફળતા બાદ, તારીખ ૨૪ ફેબ્રુઆરીએ 'બગાડને ટાળો અને જીતો' તથા તારીખ ૨૪-માર્ચ-૨૦૧૮ના 'બીજાની મિલકતનું આદર કરો અને જીતો' આ બન્ને પાઠ પ્રસારિત કરવામાં આવ્યા હતા.

હરિયાણા

૧૦,૦૦૦ શાળાઓ

૨,૫૦,૦૦૦ વિદ્યાર્થીઓ

3 પુનઃ પ્રસારણ



હરિયાણ

(ડાબેથી જમણે) (પ્રથમ હરોળ) મુકેશ - નાનકી - નેહા (બીજી હરોળ) ભરત - રેહમદીન - વિરલ - નિતિન – અજીતસિંહ

"ટિમ ટિમ તારા" કાર્યક્રમની પહેલ ખેરવારા (રાજસ્થાન) માં "સ્વામી વિવેકાનંદ ગવર્મેન્ટ મૉડેલ હાયર સેકન્ડરી સ્કૂલમાં" તેના આચાર્યશ્રી દિનેશ વ્યાસની વ્યક્તિગત પહેલ અને નાયબ નિયામક, માધ્યમિક શિક્ષણ, રાજસ્થાન સરકાર, ડૉ. રચના શર્માની મંજુરીથી કરવામાં આવી હતી. ત્યારબાદ રાજસ્થાન સરકારના મુખ્ય સચિવ ,શાળા શિક્ષણ વિભાગના શ્રી નરેશ પાલ ગંગવાર આઈ એ એસ એ આદેશ આપ્યો કે ૭૧ મોડેલ શાળાઓ અને ૧૩૪૦ આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ડીવીડી દ્વારા જીવન કૌશલ્ય શિક્ષણને પહોંચાડવું. વધુમાં

ઉલ્લેખનીય છે  અને આભારી  છીએ કે, જ્યારે અમે ૭૧ મોડલ શાળાઓમાં અમલીકરણ માટે વિભાગ પાસે આવ્યા હતા, ત્યારે માનનીય અગ્ર સચિવશ્રી શિક્ષણ વિભાગ એ આ કાર્યક્રમને આદર્શ શાળાઓમાં પણ અમલમાં મુકવા માટે સૂચના આપી હતી. તે પછી શ્રી આનંદી આઈ એ એસ, નિયામક, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, રાજસ્થાન સરકારે  “ટિમ ટિમ તારે”ના પાઠોને 'એડયુસેટ' દ્વારા પ્રસારિત કરવાની પહેલ કરી. નાયબ નિયામકશ્રી દિનેશ ગુપ્તા અને શ્રી મહેન્દ્રકુમાર ગુપ્તાએ ખાતરી આપી હતી કે, આ યોજનાનું  સફળતાપૂર્વક અમલીકરણ થશે. પરિણામે, રાજ્યભરમાં ૯૦૦૦ શાળાઓમાં અભ્યાસ કરતા ૬,૭૫,૦૦૦ વિદ્યાર્થીઓને ૨૩-માર્ચ-૨૦૧૮ ના રોજ 'એડયુસેટ' ના માધ્યમથી  **'જીતનો મંત્ર : જાહેર પરિવહનમાં શિષ્ટાચારથી'** પાઠ જોવાનો લાભ મળ્યો. એક શિક્ષક કે જેણે પ્રસારણનું નજીક થી અવલોકન કર્યું તેનું કહેવું છે કે, "જો તમે ઉત્તમ શૈક્ષણિક સામગ્રીને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને યોગ્ય રીતે તૈયાર કરો છો અને તે વિદ્યાર્થીઓ સુધી પહોંચે છે, તો આપણે શિક્ષણની દુનિયામાં મોટા બદલાવ લાવી શકીએ છીએ".



**રાજસ્થાન**

**૯૦૦૦ શાળાઓ**

**૬ થી ૮ ધોરણ**

**૬,૭૫,૦૦૦ વિદ્યાર્થીઓ**

**૧ પ્રસારણ**

ગુજરાતની ટીમ - જેમણે રાજસ્થાન અને હરિયાણામાં કાર્યક્રમના અમલીકરણ માં આગેવાની કરી
(ડાબેથી જમણે) કુણાલ - ધવલ - મયુરી - ક્રિષ્ના - અજીતસિંહ - વિરલ - તેજસ – નિલેશ

આ પ્રયત્નો આગામી શૈક્ષણિક વર્ષોમાં ચાલુ રહેશે; જેનો હજારો વિદ્યાર્થીઓને લાભ થશે. આ બે રાજ્યો સિવાય,બીજા રાજયોમાં પહોંચવા માટેની અમારી પ્રક્રિયા ચાલુ છે. સત્ય છે કે,દસ વર્ષ પહેલાં 5 શાળાઓમાં નાના પગલાંઓથી શરૂઆત કરી હતી; તીવ્રતાથી ડીવીડી પાઠ દ્વારા પીઅર શિક્ષણના રૂપમાં નોંધપાત્ર પ્રગતિ કરી. થલિર થીરન થિટ્ટમે ઉપગ્રહ તકનીકનો ઉપયોગ કરીને મોટી સફળતા પ્રાપ્ત કરી છે. ટિમ ટિમ તારેની હરિયાણાની ટિમ અને ગુજરાતની ટિમના અગ્રીમ પ્રયત્નો અને શ્રી નિતીન દેસાઈના સહયોગથી આ શક્ય બન્યું છે.

## લાંબાગાળા ના વિકાસમાં "થલિર થીરન થિટ્ટમે"

'સુઝલોન ફાઉન્ડેશન'ની સી.એસ.આર.પ્રવૃતિઓ લાંબાગાળાના ગ્રામીણ વિકાસ કાર્યક્રમો માટે નાણાકીય, કુદરતી, સામાજિક, માનવ અને ભૌતિક સ્રોતો વિકસાવવા માટેના માળખા પર કામ કરે છે. આ કાર્યક્રમનું તામિલનાડુના કોઈમ્બતુર અને તિરૂપુર જિલ્લાઓમાં 'ઈમાયામ ફાઉન્ડેશન' દ્વારા અમલીકરણ કરવામાં આવે છે. આ યોજનાના ભાગરૂપે, આ ફાઉન્ડેશન બે જીલ્લાઓમાં ૧૧ માધ્યમિક શાળાઓમાં માનવ સંસાધન વિકાસ પર કાર્યરત છે.



શિક્ષક તાલીમ

**થાલિર થીરન થિટ્ટમ**
**માનવ સંસાધન મૂડી**
**સુધારવા**

તેના સામૂહિક પહેલોના ભાગરૂપે, ફાઉન્ડેશને "થલિર થિઅન થિટ્ટમ" દ્વારા જીવન કૌશલ્ય શિક્ષણ આપવા માટે યોગ્ય પ્રયત્નો કર્યા છે. જેથી તેઓ શાળાના ૮૦૦ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સહાય કરે. તે પછી, ૨૦ અને ૨૧-ફેબ્રુઆરી-૨૦૧૮ના રોજ ૩૪ શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતી, જેથી શિક્ષકો સરળતાથી શીખવાડી શકે. ૨૦૦ વિદ્યાર્થીઓની હાજરી સાથે પ્રાયોગિક સત્રો લેવામાં આવ્યાં.

## મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે થલિર થીરન થિટ્ટમ

મૂળભૂતમાં "થલિર થીરન થિટ્ટમ" શાળાના  વિદ્યાર્થીઓ માટે બનાવવામાં આવ્યો છે, તેમ છતાં, પરંતુ નિષ્ણાતોએ ઘણી વખત નિર્દેશ કર્યો છે કે, TTTનો અભ્યાસક્રમ કોલેજના વિદ્યાર્થીઓ માટે સુસંગત છે. બીજા અભિપ્રાય મુજબ, શ્રી હરિ થીઆગરાજન, સચિવ, થીઆગરાજર કોલેજ, મદુરાઈ તેમના વિદ્યાર્થીઓને "થલિર થીરન થિટ્ટમ" દ્વારા જીવન કૌશલ્ય શિક્ષણ આપવા માંગે છે. આ કાર્યક્રમને અમલમાં મુકવા માટે મહાવિદ્યાલયના આચાર્ય ડૉ. પાંડિયારાજન  અને પ્લેસમેન્ટ ઑફિસર રાજેશ જોડાયા હતા.

"થલિર થીરન થિટ્ટમ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે પણ યોગ્ય છે"



**શિક્ષક તાલીમ**

થીઅગરાજાર કોલેજ સાથે સેંથીલકુમાર

"થલિર થીરન થિટ્ટમ" કાર્યક્રમ તારીખ ૧૯-માર્ચ-૨૦૧૮ના રોજ થીઅગરાજાર કોલેજમાં શરૂ કર્યો હતો. ત્યાં ના બી.એ. (અર્થશાસ્ત્રના) પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને જીતનો મંત્ર : 'આપણું લક્ષ્ય બનાવવું પાઠ રજૂ કરવામાં આવ્યો હતો.

## મધ્યપ્રદેશમાં "ટિમ ટિમ તારે"

અગાઉના શૈક્ષણિક વર્ષમાં મધ્યપ્રદેશના ઇન્દોર ઝોનમાં શ્રી સંજય દૂબે આઇ.એ.એસ., માનનીય વિભાગીય કમિશનર દ્વારા "ટિમ ટિમ તારે" કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.તે ચોક્કસપણે ઇચ્છત્તા હતા કે, તેઓ વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને કૌશલ્ય વિકાસમાં પણ તેમને મદદરૂપ થાય. અમે કૃતજ્ઞતા સાથે નોંધ લઈએ છીએ કે, તેમની પહેલના કારણે જ TTT કાર્યક્રમ ઇન્દોર પ્રદેશમાં પ્રવેશ કરી શક્યો. તારીખ ૩૦-ડીસેમ્બર-૨૦૧૭ના રોજ અગર માલવા ખાતે શિક્ષકોને તાલીમ આપવામાં આવી. જિલ્લા કલેક્ટર શ્રી અજય ગુપ્તાએ ઔપચારિક રીતે સત્રનું ઉદઘાટન કર્યું હતું અને જણાવ્યું હતું કે TTT ને શાળાઓ ઉપરાંત વિદ્યાર્થી હોસ્ટેલમાં પણ શીખવવું જોઇએ. જીલ્લા અધ્યક્ષ શ્રી રાજેશ શુક્લા અને નાયબ મામલદાર શ્રી ઓશિન વિક્ટરએ અમને ખૂબ સારો સહકાર આપ્યો હતો. ૨૬ શિક્ષકો અને ૪૦ વિદ્યાર્થીઓએ તાલીમ કાર્યક્રમમાં ભાગ લીધો હતો, જે કાર્યક્રમ અધિકારી શ્રી આનંદ મિશ્રા દ્વારા અસરકારક રીતે સંચાલિત કરવામાં આવ્યો હતો, જેમણે પોતાની જાતે ઇન્દોર પ્રદેશમાં કામ કરી તેને આગળ લાવવાનું નક્કી કર્યું છે. આ કાર્યક્રમને અસરકારક રીતે આ પ્રદેશમાં ચલાવવા માટે તેમનું સમર્પણ એક મહત્વપૂર્ણનો પરિબળ છે.

## ગુજરાતમાં શિક્ષક તાલીમ

"ટિમ ટિમ તારા"એ ગુજરાતમાં પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે.બદલીઓ અને નવી ભરતીને કારણે સ્કૂલમાં ઘણા નવા શિક્ષકો આવ્યા છે.અમદાવાદ અને વડોદરા જિલ્લાના ૧૭ તાલુકાઓમાં ૩૨ સત્રો દ્વારા બ્લોક રિસોર્સ કેન્દ્રોમાં "ટિમ ટિમ તારા" ખાતે નવા શિક્ષકો માટે રીફ્રેશર કોર્સ હાથ ધરવામાં આવ્યો હતો ૮૦૦ શિક્ષકોએ આ તાલીમ કાર્યક્રમમાં ભાગ લીધો.

# પ્રતિધ્વનિ

આ સમાચાર પત્રિકા વાંચવાની ખુબ મજા પડી. રાજસ્થાન અને હરિયાણામાં સફળતાપૂર્વક સ્થિર અમલીકરણ પછી, TTT મધ્ય પ્રદેશમાં તે જાણી આનંદ આશ્ચર્ય થયો. ઓરોવિલે શાળાએ તેમના અભ્યાસક્રમમાં TTT નો પણ સમાવેશ કર્યો છે અને શ્રી અરવિંદોના શિક્ષણમાં સમાનતા બનાવી શકે છે તેની ખુશી છે. ખાસ કરીને જાતીય સમાનતા પરના સત્ર પછી છોકરીઓ વધુ વિશ્વાસ ધરાવતી હતી અને છોકરાઓ પણ આને ટેકો આપતા હતા.TTT ના બીજા જીવન કૌશલ્ય કાર્યક્રમોમાં આની ખુબ જરૂર છે.

તમારી ટીમ દ્વારા સારા કામ પર અભિનંદન અને નવા વર્ષમાં શ્રેષ્ઠ શુભેચ્છાઓ માટે ઘણા બધા બાળકો અને પુખ્ત વયના લોકો સુધી પહોંચવા માટે શુભેચ્છાઓ, જેમને ખરેખર આ મૂલ્યવાન સત્રોથી ફાયદો થશે.

- *ડો. હરીપ્રિયા*

*ઓપ્થાલમોલોજિસ્ટ અરવિંદ આઇ હોસ્પિટલ, મદુરાઈ*

બાળકોમાં શિક્ષણની પદ્ધતિઓ સુધારવા માટેના તમારા સતત પ્રયત્નો અત્યંત પ્રશંસાપાત્ર છે.

- *ડો. ટી.એસ. રામકુમાર*

*નિયામક સેન્ટર ફોર સોશ્યિલ રિકન્સ્ટ્રકશન*

*નાગરકોઇલ -2*

હું શરૂઆતના દિવસોથી “થલિર થીરન થિટ્ટમ” કાર્યક્રમનું નજીકથી નિરીક્ષણ કરું છું; છેલ્લા બે વર્ષમાં તે ચાર વધુ રાજ્યોમાં ફેલાઈ ગયું છે તે જાણીને આનંદ થયો. આ કાર્યક્રમને સમગ્ર ભારતમાં ફેલાવવા માટે શ્રેષ્ઠ શુભકામનાઓ.

***- આર. વેંકટરામ***

*વરિષ્ઠ સલાહકાર, આરઆર સન્સ, મદુરાઈ*

સમાચાર પત્રિકાના લેખો “થલિર થીરન થિટ્ટમ”ના હેતુઓ સ્પષ્ટપણે દર્શાવે છે. ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને હવે હરિયાણા પછી, હું સહમત છું કે અમારું "થલિર થીરન થિટ્ટમ" ટૂંક સમયમાં બીજા બધા રાજ્યોમાં ફેલાશે.

***- મણિકંદન એ.પી.***

*એક્ઝિક્યુટિવ, કોમ્ફી, મદુરાઈ*